# એક ગુલામબાળાએ પોતાના અન્ય સંસ્કૃતિના શેઠને સાજાપણા માટે સહાય કરી

આપણાથી ભિન્ન સંસ્કારના લોકો ઉપર પ્રેમ રાખવાનું બાળકોને શિખવો.

**પ્રાર્થના** : વ્હાલા પ્રભુ, અન્ય સંસ્કૃતિના લોકો તેમજ અંધ, બહેરા અને અમારાથી જુદી વિચારસરણી ધરાવતા લોકો ઉપર પ્રેમ કરવા આ બાળકોની સહાય કરો.

બાળકોની ઉંમર, સમજશક્તિ અને જરૂરિયાતો મુજબની પ્રવૃતિઓ **પસંદ કરો.**

પ્રાચીન અરામ(સિરીયા) ના સેનાપતિ નામાનની વાર્તા **શિખવવાની તૈયારી કરો**. તે કોઢીયો હતો. આ વાર્તા ૨ રાજા ૫:૧-૧૬ માં છે. આ વાર્તમાં એક નાની છોકરી છે કે જે પોતાના શેઠ માટે દેવનો પ્રેમ ખુલ્લો કરવામાં સહાયભૂત બની હતી.



એક મોટો છોકરો આ વાર્તા વાંચે અથવા મોઢે કહે. ત્યારબાદ આ પ્રશ્નો પુછો. જવાબો સાથે આપેલા છે.

- નાઅમાન કેવા પ્રકારનો માણસ હતો અને તેને ક્યો રોગ થયો હતો? (ક.૧)
- નાઅમાનના કુટુંબ સાથે ઈસ્ત્રાએલી છોકરી કેમ રહેતી હતી? (૨)
- ગુલામ હોવા છતાં આ છોકરીએ પોતાના શેઠ પ્રત્યે પ્રેમ કેવી રીતે દેખાડ્યો ? (૩)
- એલીશાએ નાઅમાનને સાજા થવા માટે કેવી સુચના આપી ? (૧૦)
- આ સૂચનાથી નાઅમાનને કેવી લાગણી થઈ ?(૧૧)
- નાઅમાને એલીશા પાસેથી કેવી વર્તણૂંકની અપેક્ષા રાખી હતી ? (૧૧) તેણે ધાર્યું હતું કે એલીશા કોઈ અજબ ચમત્કાર કરશે કારણકે તે ધનવાન અને પ્રતિષ્ઠિત માણસ હતો.)
- પ્રબોધકના સૂચનોને આધિન થવા માટે નાઅમાનને કોણે સમજાવ્યો ?(૧૩)
- નાઅમાનને સાજાપણું મળ્યા બદલ ભેટ સ્વીકારવાની એલીશાએ શા માટે ના પાડી ? (૧૬, કારણકે એલીશા નાઅમાનને એમ સમજાવવા માંગતો હતો કે દેવે તેને સાજાપણું તે ધનવાન હતો માટે આપ્યું ન હતું પરંતુ એટલા માટે આપ્યું હતું કે તેણે દેવ પર વિશ્વાસ કરીને તેને આધિન થયો હતો.)

નાઅમાનના સાજાપણાની વાર્તાનું **નાટક બનાવો**. જો યોગ્ય લાગે તો તેના કેટલાક ભાગોનો જ ઉપયોગ કરો.

- ભજનસેવાના મુખ્ય આગેવાન પાસે બાળકોને આ નાટક રજુ કરવા દેવાની મંજુરી લો.
- મોટા બાળકો નાના બાળકોને તૈયારીમાં સહાય કરે.
- મોટા બાળકો કે સભાજનો આ પાત્રો ભજવે : છોકરી, શેઠાણી, નાઅમાન, ગેહજી, ઈસ્ત્રાએલના રાજા, એલીશા અને વર્ણન કરનાર. નાઅમાનના હાથમાં કાગળ આપવો.
- નાના બાળકો નાઅમાનના ચાકરોના પાત્રો ભજવે.

**વર્ણન કરનાર** : ૨ રાજા ૫:૧-૧૬ મુજબ વાર્તાનો પ્રથમ ભાગ કહે. પછી બોલે, સાંભળો, ગુલામ છોકરી પોતાની શેઠાણીને શું કહે છે..

**છોકરી** : 'શેઠાણીજી, મારા શેઠ નાઅમાનને કોઢ છે. માટે તે દુઃખી રહે છે પણ હું તેમની મદદ કરી શકું છું.તેઓ ઈસ્ત્રાએલમાં દેવના પ્રબોધક પાસે ના જઈ શકે ?'

**શેઠાણી** : પોતાના પતિ નાઅમાન પાસે જાય અને કહે, 'સ્વામીજી, તમે બધા પ્રયત્નો કર્યા હવે ઈસ્ત્રાએલના પ્રબોધકને મળો. એવું બને કે તે તમને સાજા કરે.'

**નાઅમાન** : હું અરામના રાજા પાસે જઈને એક વિનંતી પત્ર માટે કહીશ. (પોતાના નોકરો સાથે રાજા પાસે જાય. માથું નમાવીને રાજાને એક કાગળ આપે.) પછી કહે, 'નામદાર ઈસ્ત્રોલના મહારાજ, અમારા અરામ દેશના રાજાજીની આ વિનંતી વાંચશોજી. તમારા દેશના પ્રબોધક ક્યાં મળે તે મને જણાવો કે જે મારો કોઢ મટાડી શકે.'

**ઈસ્ત્રાએલનો રાજ** : શું હું દેવ છું કે હું તારો કોઢ મટાડી શકું ? તારો રાજા મારી સાથે યુદ્ધ કરવાનું શોધે છે.

**નાઅમાન અને તેના નોકરો** : ત્યાંથી નિરાશ થઈને નીચે માથે ચાલ્યા જાય. નોકરો આ પ્રમાણે બોલે, 'કેટલું ખરાબ !' 'આ ભંયકર રોગ મટાડનાર કોઈ નથી !'

**ગેહજી** : નાઅમાન પાસે જાય અને માથું નમાવીને કહે, 'નાઅમાન સેનાપતિ, મારા ગુરૂ એલિશા પ્રબોધક તમને એક સાચા ઈશ્વરનું સામર્થ્ય બતાવશે. આવો અને તેમને મળો.'

**નાઅમાન** : તેના સૈનિકોને કહે,'હવે આપણે એ માણસને અજબ ચમત્કાર કરતા જોઈશું કારણકે હું એક સમર્થ માણસ છું અને ખૂબ પૈસા આપી શકું છું.'

**ગેહજી** : નાઅમાન, મારા ગુરૂએ મને તમને કહેવા મોકલ્યો છે કે જઈને યરદન નદીમાં સાતવાર ડુબકી મારો.

**નાઅમાન** : (ગુસ્સાથી) હું તે કાદવવાળી નદીમાં નહીં જાઉં. આપણાં દેશમાં તેના કરતાં ચોખ્ખી નદીઓ છે.

**નોકરો** : આ પ્રમાણે કહે , 'જો તેમણે કંઈ મોટું કરવાનું તમને કહ્યું હોત તો તમે તે કરત.' 'કૃપા કરીને જાઓ''તે દેવનો પ્રબોધક જેમ કહે છે તેમ કરો.' નાઅમાન યરદન નદીમાં સાતવાર ડુબકી મારતો હોય તેમ કરે. પછી નોકરો બોલે, 'જૂઓ, તેનો કોઢ જતો રહ્યો !' 'તે સારો થઈ ગયો છે !' નાઅમાન એલીશા પાસે જાય અને કહે, 'હું તને પુષ્કળ ધન આ ચમત્કાર માટે આપીશ.'

**એલીશા** : ના, દેવને પૈસાની જરૂર નથી. તેણે તને સાજો કર્યો છે, એ બતાવવા કે તે એકલો સાચો દેવ છે.

**નાઅમાન** : તે છોકરી પાસે આવે અને કહે, 'નાની છોકરી, તારો આભાર. એક સાચા ઈશ્વરને ઓળખવામાં તેં મારી મદદ કરી છે. હું તને તારા દેશમાંથી ગુલામ બનાવીને લાવ્યો તો પણ તેં મારી કાળજી લીધી છે.

**વર્ણન કરનાર** : નાટકમાં ભાગ લેનાર સર્વનો આભાર માને. સભાજનોનો સાંભળવા માટે આભાર માને.

જો બાળકોએ આ નાટક મોટાઓ માટે કર્યું હોય તો ઉપર આપેલ પ્રશ્નો તેઓને પૂછવા.

બાળકો નદીમાં એક માણસના ચિત્રની કોપી કરે.

- આ ચિત્રો બાળકો ભજનસેવા વખતે બતાવે.
- આ સાથે સમજાવે કે દેવ નાના બાળકોના પ્રેમનો ઉપયોગ લોકોને સાજાપણું અને પાપ ક્ષમા માટે કરી શકે છે.'

આપણાથી જુદી જાતના લોકોને આપણે પ્રેમ બતાવી શકીએ અને તેમની સેવા કરી શકીએ તેવા બીજા ઉદાહરણો બાળકોને આપવા દો.

ત્રણ બાળકોને અયુબ ૪૨:૧-૬માંથી બે બે કલમો બોલવાનું કહો.

મોટા બાળકો ગી.શા. ૬૭ ના શબ્દોમાં વિદેશીઓ પ્રત્યે દેવના પ્રેમ સબંધી નાટક કે ગીત લખે. અઠવાડીયા દરમ્યાન તેઓ આ કરે.

ગી.શા. ૬૭:૨-૩ **મુખપાઠ કરો.**

**પ્રાર્થના :** વ્હાલા પ્રભુ, અમારાથી જુદી જાતિના લોકોને પ્રેમ કરવા માટે અમારી સહાય કરો. આંધળા બહેરા અને અન્ય સંસ્કૃતિ અને ધર્મના લોકોને પ્રેમ કરવા અમારી સહાય કરો.